RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 66 * Date: 25.12.2024,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગ્રાહક દિવસ; સૌથી વધુ કેસમાં ગુજરાત ચોથે

# ગુજરાતમાં ગ્રાહક નિવારણ કમિશનમાં ૪૦ હજાર કેસ પેન્ડિંગ



દર વર્ષે ૨૪ ડિસેમ્બરને ગ્રાહકોમાં જાગરૂકતા લાવવા રાષ્ટ્રીય ગ્રાહક દિવસ તરીકે ઉજવાય છે. પરંતુ દેશમાં સૌથી વધુ ગ્રાહક સંબંધિત કેસ થયા હોય તેવા રાજ્યમાં ગુજરાત ચોથું છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલી માહિતી મુજબ, ઓક્ટોબર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં ૪૦,૨૮૮ ગ્રાહક સંબંધિત કેસ રાજ્ય અને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પેન્ડિંગ છે.

છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં ગ્રાહક સંબંધિત ૪૦૧૬ ફરિયાદો નોંધાઈ છે. જેમાંથી માત્ર ૨૮% એટલે કે ૧૧૨૯ કેસનો જ નિકાલ થયો છે. આ ઉપરાંત દેશમાં સૌથી વધુ ગુજરાતમાં ૨૨ જિલ્લા ગ્રાહક કમિશનના પ્રમુખોની જગ્યા ખાલી છે. રાજ્ય અને જિલ્લા ગ્રાહક તકરાર કમિશનમાં ૪૯ સભ્યોની જગ્યા ભરાયેલી નથી. તે પણ દેશમાં સૌથી વધુ ગુજરાતમાં છે.નિવારણ કમિશનના આંકડા) ૪૯ સભ્યોની જગ્યા પણ ખાલીદેશમાં સૌથી વધુ ગુજરાતમાં ૨૨ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પ્રમુખની જગ્યા ખાલી છે. આ ઉપરાંત જિલ્લાઓમાં ૪૬ સભ્યોની જગ્યા પણ ભરાયેલી નથી. એ પણ દેશમાં સૌથી વધુ છે. જ્યારે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૩ સભ્યોની જગ્યા ખાલી છે. દેશમાં વિવિધ રાજ્યના ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૧૮૮ પ્રમુખની જગ્યા ખાલી છે. જ્યારે ૪૯૧ સભ્યોની જગ્યા પણ ભરાયેલી નથી.




કાંદિવલી વેસ્ટમાં કેઈએસ કોલેજ ખાતે રોટરી કલબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટ, એનએસએસ સ્ટુડન્ટ્સ, એલબીએલ ફાઉન્ડેશનના સહકારમાં નેત્ર, ત્વચા, ઓર્ગન ડોનેશન અંગે પરિસંવાદ યોજયો હતો. ડૉ. ગિરીશ ત્રિવેદીએ નેત્રદાન, ડૉ. ઝિશાન તૈયબએ ત્વચાદાન અને સુજાતા આશતેકરે ઓર્ગન ડોનેશન અંગે જાણકારી આપી હતી. રોટરી ક્લબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટનાં પ્રમુખ દેવસિંહ સહાની, સેક્રેટરી રઘુનાથ પ્રભુ, પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજય મિશ્રા, આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસર વૃશાલી, રોટરી ક્લબના એસ પી તિવારી, ભાવિન ટોપરાની, અંબરીશ દોશી અને ટીમે કાર્યક્રમને સફળ બનાવવા મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.



## તંત્રી સ્થાનેથી..

### શેરબજારમાં રોકાણ કરવા મામલે અવ્વલ ગુજરાતમાં મહિલા રોકાણકારોની સંખ્યામાં કોઈ વધારો નહીં

મહિલા સશક્ત બનતાં હવે તે નાણાકીય બજારોમાં પણ ઝંપલાવી રહી છે. નાણાકીય બજારોમાં મહિલાઓનો હિસ્સો છેલ્લા કેટલાક વર્ષોથી ઝડપથી વધી રહ્યો છે. જો કે, છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં મહિલા રોકાણકારોની સ્થિતિ યથાવત રહી છે. તેમાં કોઈ વૃદ્ધિ જોવા મળી નથી. નાણાકીય વર્ષ ૨૦૨૨થી મહિલા રોકાણકારોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૩ વર્ષમાં મહિલા રોકાણકારોની સંખ્યા ૧.૩ ટકા વધી ૨૩.૯ ટકા થઈ છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૨.૬ ટકા હતી. જે નાણાકીય સ્વતંત્રતા સાથે મહિલાઓ રોકાણ મામલે પણ જાગૃત્ત બની હોવાનો સંકેત આપે છે.

શેરબજાર, આઈપીઓ સહિત નાણાકીય બજારમાં સૌથી વધુ રોકાણ કરતાં મોટા રાજ્યોની તુલનાએ નાના રાજ્યોની મહિલાઓની સંખ્યા સતત વધી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં મહિલા રોકાણકારોનો હિસ્સો ગોવામાં ૨.૨ ટકા વધી ૩૨ ટકા થયો છે. જ્યારે ચંદીગઢ ૩૧.૬ ટકા હિસ્સા સાથે બીજા ક્રમે છે. જો કે, આ શહેરોમાં રોકાણકારોની સંખ્યા મોટા રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત કરતાં ઘણી ઓછી છે.

## ૪૦નું લસણ ૪૦૦ રૂપિયામાં મળે છે... રાહુલ ગાંધી મહિલાઓ સાથે શાકમાર્કેટ પહોંચ્યા, મોંઘવારી મુદ્દે સરકાર પર કર્યા પ્રહાર



કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને મોંઘવારી મુદ્દે ઘેરી છે. તેમણે એક વીડિયો પોસ્ટ કરતાં કહ્યું છે કે, લસણનો ભાવ ક્યારેક રૂ. ૪૦ હતો, જે આજે રૂ. ૪૦૦ પ્રતિ કિગ્રા થયો છે. વધતી મોંઘવારીએ સામાન્ય પ્રજાનું બજેટ ખોરવી નાખ્યું છે. સરકાર કુંભકર્ણની માફક ઉંઘતી ઝડપાઈ છે.

રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વીડિયો રજૂ કરતાં મોંઘવારીનો પ્રશ્ન ઉઠાવ્યો છે. આ વીડિયોમાં તેઓ શાકમાર્કેટમાં જુદી-જુદી શાકભાજીના ભાવ પૂછી રહ્યા છે, રાહુલની સાથે અમુક મહિલાઓ પણ છે. જેમાં એક મહિલા કટાક્ષ કરે છે કે, સોનું સસ્તુ હશે પરંતુ લસણ નહીં.

એક મહિલાએ કહ્યું કે, એક સમયમાં બીટ રૂ. ૩૦-૪૦ પ્રતિ કિગ્રાના ભાવે મળતુ હતું, આજે તે ૬૦ રૂપિયે કિલો મળે છે. વટાણા પણ ૧૨૦ રૂપિયે કિલો થયા છે. રાહુલ ગાંધીને મહિલાઓ ફરિયાદ કરે છે કે, મોંઘવારી દરવર્ષે વધી રહી છે. જેનાથી આર્થિક ખેંચ પડી રહી છે. જીએસટીના લીધે ઘણી ચીજોના ભાવ પણ વધ્યા છે. દિલ્હીમાં ફેબ્રુઆરી, ૨૦૨૫માં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેમાં રાહુલ એક્ટિવ મોડ પર છે. આંબેડકર મુદ્દે પણ વિપક્ષે સરકાર વિરૂદ્ધ મોરચો છેડ્યો છે.

વિપક્ષ બાબા સાહેબ આંબેડકરનું અપમાન કરવાનો આરોપ લગાવી સરકાર વિરૂદ્ધ આંદોલન કરી રહ્યું છે. એવામાં મરાઠાવાડા ક્ષેત્રમાં પરભણી શહેર નજીક સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે બંધારણની પ્રતિમાને ક્ષતિગ્રસ્ત કરવા બદલ હિંસા ફાટી નીકળી હતી. આ હિંસા બાદ ધરપકડ કરવામાં આવેલા સોમનાથ સૂર્યવંશીની કસ્ટડીમાં જ હત્યાનો આરોપ પોલીસ પર લાગ્યો છે. રાહુલ ગાંધીએ આ સૂર્યવંશીના પરિવારની મુલાકાત લીધી હતી. તેના પરિજનોએ પોલીસ પર આરોપ મૂક્યો હતો કે, તે દલિત હોવાથી પોલીસે તેની કસ્ટડીમાં જ હત્યા કરી દીધી છે.

## લખનઉમાં ૪૨ બેંક લોકર તોડ્યા, ૪૮ કલાકમાં બે બદમાશોનું એન્કાઉન્ટર

લખનઉના ગોમતીનગરમાં સ્થિત ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં થયેલી ચોરી મામલે બે બદમાશોનું એન્કાઉન્ટર કરી દેવામાં આવ્યું છે. એક બદમાશનું ગાઝીપુરમાં તો બીજાનું લખનઉમાં એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. આ બંને બદમાશોનું એન્કાઉન્ટરમાં મોત થઈ ગયું છે. ગાઝીપુરમાં બિહારના નિવાસી બદમાશ સન્નીદયાળનું મંગળવારે સવારે એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. બીજા બદમાશ સોબિંદ કુમારનું મોડી રાત્રે એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. તે રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. પરંતુ આજે સવારે તેનું પણ મૃત્યુ થઈ ગયું છે. આ બંને બદમાશો પર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ચોરીની આ ઘટનાને ૭ ચોરોએ અંજામ આપ્યો હતો. તેમાંથી હવે બે ના મોત થઈ ગયા છે. પોલીસની આગળની કાર્યવાહી ચાલું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બારા ચોકીના ઈન્ચાર્જે ચેકિંગ દરમિયાન બે મોટરસાઈકલ સવાર શંકાસ્પદોને અટકાવ્યા હતા. બંને ગભરાઈને બિહાર બોર્ડર તરફ ભાગવા લાગ્યા હતા. ત્યારબાદ તેનું પોલીસ સાથે એન્કાઉન્ટર થઈ ગયુ હતું. જ્યારે પોલીસે તેમનો પીછો કર્યો તો બદમાશોએ ફાયરિંગ શરૂ કરી દીધું. પોલીસે પણ જવાબી કાર્યવાહીમાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં એક બદમાશને ગોળી લાગી, જેના કારણે તે ઢળી પડ્યો હતો. બીજો બદમાશ અંધારાનો ફાયદો ઉઠાવી ભાગી ગયો હતો. ઘાયલ બદમાશની ઓળખ સન્નીદયાલ તરીકે થઈ છે.

## સંભલ અને વારાણસી બાદ હવે અમેઠીમાં મળ્યું ૧૨૦ વર્ષ જૂનું મંદિર, કબજાના કારણે પૂજા બંધ હોવાનો આરોપ



ઉત્તર પ્રદેશના સંભલ, વારાણસી અને બુલંદશહર બાદ હવે અમેઠીમાંથી ૧૨૦ વર્ષ જૂનું શિવ મંદિર મળી આવ્યું છે, જેના પર લઘુમતી સમુદાયના લોકો દ્વારા દબાણ કરવાનો આરોપ છે. આ મામલે સ્થાનિક લોકોએ જીઢસ્ને ફરિયાદ પત્ર આપી કાર્યવાહીની માંગ કરી છે. જીઢસ્એ આ મામલાની તપાસ તહસીલદારને સોંપી દીધી છે.આ સમગ્ર મામલો મુસાફિરખાના પોલીસ સ્ટેશન વિસ્તારના ઔરંગાબાદ ગામનો છે, જ્યાં ગામમાં સ્થિત ૧૨૦ વર્ષ જૂના પંચશિખર શિવ મંદિરને લઈને વિવાદ સામે આવ્યો છે. ગામના લોકોનો આરોપ છે કે મંદિર પર અમુક સમુદાયના લોકોએ કબજો જમાવી લીધો છે જેના કારણે છેલ્લા ૨૦ વર્ષથી પૂજા-પાઠ બંધ છે.

ગ્રામીણોનું કહેવું છે કે, આ મંદિરની સ્થાપના લગભગ ૧૨૦ વર્ષ પહેલા ગામના એક દલિત પરિવારે કરાવી હતી, ત્યારબાદ આ મંદિર વિસ્તારના લોકોની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી એક વિશેષ સમુદાય દ્વારા મંદિરમાં પૂજા-અર્ચના કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જેના કારણે ગામના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોમવારે ભાજપ જિલ્લા મહામંત્રી અતુલસિંહની આગેવાનીમાં પહોંચેલા ગ્રામજનોએ એસડીએમ પ્રીતિ તિવારીને ફરિયાદ પત્ર આપીને કાર્યવાહીની માગ કરી છે.

આ પહેલા બુલંદશહરના ખુર્જામાં વર્ષોથી બંધ પડેલું એક મંદિર મળી આવ્યું હતું, જેના જીર્ણોદ્ધાર માટે હિન્દુ સંગઠનોએ વહીવટીતંત્રને અપીલ કરી છે કે જેથી ફરીથી પૂજા-પાઠ શરૂ કરી શકાય. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ મંદિર લગભગ ૫૦ વર્ષ જૂનું છે, જે ૧૯૯૦ના રમખાણો બાદથી બંધ છે.

## ડો. બાબા સાહેબની પ્રતિમાને ખંડીત કરવાનો મુદ્દો વકર્યો, સ્થાનિકો લોકો ખોખરા બંધ કરાવવા નીકળ્યા

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી જયંતિ વકીલની ચાલી બહાર ડૉ. બાબા સાહેબની પ્રતિમાનો ખંડિત કરી નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાનું નાક તોડી નાખવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે મંગળવારે (૨૪મી ડિસેમ્બર) ખોખરા બંધનું એલાન આપવામાં આવ્યું છે. ખોખરાની જયંતિ વકીલની ચાલીના લોકો ખોખરા વિસ્તારને બંધ કરાવવા માટે નીકળ્યા છે. ખોખરા સર્કલ, હાઉસિંગ વિસ્તાર અને બાલભવન થઈ અને સમગ્ર વિસ્તારને બંધ કરાવવા માટે તેઓ દ્વારા તમામ દુકાનદારોને અપીલ કરવામાં નીકળ્યા છે. પોલીસે સાથે રહી અને સ્થાનિક લોકોએ દુકાનો બંધ કરાવી રહ્યા છે. રવિવારે (૨૩મી ડિસેમ્બર)






અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરજીની અસામાજિક તત્વો દ્વારા ખંડિત કરવામાં આવી હતી. આ વિષયનેધ્યાનમાં રાખી સામાજિક સમરસતા મંચ ગુજરાત દ્વારા કલેકટર અને પોલીસ કમિશ્નરને આ નિંદનીય ઘટનાને વખડતું આવેદન આવામાં આવ્યું હતું.

આ દુષ્કૃત્ય સામાજિક સૌહાર્દ અને ભાઈચારાને દૂષિત કરી સમાજમાં અરાજકતા ફેલાવવાના મલીન ઈરાદાથી કરવામાં આવ્યું છે. સામાજિક સમરસતા મંચ, ગુજરાત આ કૃત્યને સખત શબ્દોમાં વખડી કાઢે છે. આ જઘન્ય કૃત્યના કર્તા-હર્તા વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરી આ દોષિતોને દંડિત કરવા માટે ત્વરિત કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવા માટે આપને નમ્ર વિનંતી છે.

## ગુજરાતીઓ માટે મોટા સમાચારઃ વીજળીના ફ્યુલ ચાર્જમાં યુનિટ દીઠ ૪૦ પૈસાનો ઘટાડો




ગુજરાત સરકારે પ્રજાને રાહત આપતો નિર્ણય કર્યો છે. રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ પત્રકાર પરિષદ યોજી ફ્યુલ ચાર્જમાં યુનિટ દીઠ ૪૦ પૈસાનો ઘટાડો કર્યો છે. ઓકટોબરથી ડીસેમ્બર ૨૦૨૪ના ગાળામાં આ ફ્યુઅલ સરચાર્જનો દર રૂ. ૨.૮૫ થી ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટના દરની વસુલાત કરવામાં આવશે.ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓકટોબરથી ડીસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલા વીજ વપરાશ ઉપર આશરે રૂ ૧૧૨૦ કરોડનો લાભ થશે. વધુમાં, જે રહેણાંકીય ગ્રાહકો દ્વારા માસિક ૧૦૦ યુનિટનો વીજ વપરાશ કરવામાં આવે, તેવા કિસ્સામાં ઉપરોક્ત ફ્યુલ સરચાર્જના ઘટાડાને કારણે અંદાજે રૂ ૪૬ ની માસિક બચત થશે.અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત સરકારે જાન્યુઆરીથી માર્ચના ફ્યુઅલ સરચાર્જમાં ૫૦ પૈસાનો ઘટાડો કર્યો હતો. ઓકટોબર મહિનાથી ડિસેમ્બર દરમિયાન રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂપિયા ૩.૩૫ પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ (હ્લૈંઇ)ની વસૂલાતો હતો. જોકે ત્રિમાસિક ગાળાની સરખામણીએ ફ્યુઅલ સરચાર્જના દરમાં ૫૦ પૈસાનો ઘટાડો કરાયો હતો.

## ગુજરાતની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પોલિસી'નો ચુસ્તપણે પાલનઃધો.૫ અને ધો.૮માં વાર્ષિક પરીક્ષામાં ફેઈલ થનાર વિદ્યાર્થીઓ નાપાસ ગણાશે



શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા 'નો ડિટેન્શન પોલિસી' નાબૂદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે પરંતુ, ગુજરાતની તમામ શાળાઓમાં ચૂસ્તપણે પાલન થઈ રહ્યો છે.શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, ધોરણ-૫ અને ધોરણ-૮માં કોઇ વિદ્યાર્થી બે વિષયમાં ૩૫% કરતા ઓછું પરિણામ મેળવે તો તેને વર્ગ બઢતી રોકવાની જોગવાઇ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે પરંતુ, કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦, વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો પરંતુ, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫ અને ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં અસફળ થશે તો તેમણે નાપાસ જાહેર કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, ધો.૫ અને ધો.૮ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે પરંતુ, જો વિદ્યાર્થીઓ ફરીથી નાપાસ થશે તો તેમને આગળના વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં. આ નિયમ ગુજરાતની તમામ શાળાઓમાં લાગુ આ વર્ષથી ચાલુ થઈ ગયો છે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે આ નિર્ણયના અમલીકરણથી વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં સુધારો તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાની તક મળશે. જેથી, વિદ્યાર્થીઓનો ભવિષ્ય ઊજળું બનશે તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

## ઉમેદવારોના ગાંધીનગરમાં ધરણાંઃધોરણ એકથી પાંચની હાલ ચાલુ વિદ્યાસહાયક ભરતીમા જગ્યા વધારવાની માંગ સાથે ઉમેદવારોએ ગાંધીનગરમાં ધરણાં પ્રદર્શન કર્યું

રાજયની શાળાઓમાં ધોરણ ૧થી ૫ માં ટેટ ૧ પાસ શિક્ષક ભરતીમાં જગ્યા વધારવાની માંગ સાથે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિદ્યા સહાયકો ઉમેદવારોએ ધરણાં પ્રદર્શન યોજી મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.ધોરણ ૧ થી ૫ ની હાલ ચાલુ વિદ્યાસહાયક ભરતીમા જગ્યા વધારવાની માંગ સાથે ઉમેદવારોએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. ઉમેદવારોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી માંગણી કરી છે કે, રાજયસરકાર દ્વારા હાલ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં ધોરણ ૧ થી ૫ માં અંદાજે ૫૦૦૦ જેટલી ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને સમસ્ત ઉમેદવારો આવકારીએ છીએ આ ભરતી પ્રક્રિયામાં ૨૦૧૧ થી અત્યાર સુધી તમામ ટેટ-૧ માન્ય ગણવામાં આવશેએવો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી ઉમેદવારોની સંખ્યા પણ વધી છે.આથી જગ્યાઓ વધુ આપવા માટે માંગ છે. વધુમાં ઉમેદવારોનું કહેવું છે કે, ધોરણ ૧ થી ૫ મા હાલ ૧૬૧૮૧ જગ્યાઓ ખાલી છે. (૩૧-૦૭-૨૦૨૪ ઈ ની




માહીતી મુજબ )વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૩ સુધી ટેટ-૧ પાસ સૌથી ઓછી ભરતી કરવામાં આવી છે. ૨૦૧૧ થી ૨૦૨૩ સુધીમાં ધોરણ ૧ થી ૫ મા ૭૮૮૯ શિક્ષકની ભરતી કરેલ છે. તેની સામે અત્યાર સુધીમાં ઈ-૨ ધોરણ ૬ થી ૮ માટે ૫૦૯૧૨ જેટલી ભરતી કરેલ છે. જુના લાગેલા ફરી ફોર્મ ભરતા હોય એટલે મેરીટ ઊંચું જ રહે છે. જેના લીધે અમારે નોકરી મેળવવી અઘરી છે. આથી સમાન ન્યાય અમને પણ મળવો જોઈએ. હાલ ધોરણ ૧૧-૧૨ મા ખાલી જગ્યા ના ૫૦% જેટલી જાહેરાત આવી ધોરણ ૯-૧૦ મા પણ ૫૦% જેટલી જાહેરાત આવી અને ધોરણ ૬ થી ૮ મા પણ ૭૦% જેટલી ભરતી કરેલ છે તો અમારી સાથે અન્યાય કેમ અમારી પણ ભરતી મહેકમ પ્રમાણે હાલ ખાલી જગ્યા ૧૬૮૮૧ ₹૧૭૯૯ નિવૃત એમ કુલ ૧૭૯૮૦ નાં ૫૦% જેટલી કરી અમને પણ ન્યાય આપવા વિનંતી છે.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO : 161**
વિષય : મધ્યાંતર
શિર્ષક : દાદાની દીકરી
પ્રકાર : લઘુ વાર્તા શબ્દો : ૩૪૭

ઉષા આજે ખૂબ જ ઊંચા હોદ્દા પર એ જ હોસ્પિટલમાં કાર્યરત હતી કે જ્યાં એના વ્હાલા દાદાને દાખલ કરેલાં હતાં. ઊષા એક હાર્ટસર્જન હતી. ઉષા જીવનનાં મધ્યાંતરે આવીને ઊભી હતી. એટલેકે તેની ઉંમર વહી જતી હતી. આજે ઉષાના વ્હાલસોયા દાદાની હ્રદયની તકલીફથી તેનું મન વિચલિત થઈ ગયું હતું. આમ દિલનાં એક ખૂણે દાદાને ઉષાની ચિંતા સતાવતી રહેતી. જ્યારે પણ લગ્નની વાત છેડે ત્યારે ઉષા ના જ પાડતી અને કોઈ પણ પ્રકારે વાતને ટાળી દેતી. 'મારા પછી ઉષાનું કોણ?'એવા વિચારોમાં દાદા ચિંતિત રહેતાં.

આજે કોઈ બીજા જ ડૉક્ટર દાદાનું રૂટીન ચેકઅપ કરવા આવ્યાં. બંનેએ એકબીજાને જોયાં તો દાદા તો એકદમ ઊછળી જ પડ્યાં.'અરે આશિષ તું?' એટલામા ઉષા આવી. બંનેને આ રીતે તુંકારે વાત કરતાં જોઈને નવાઈ લાગી. દાદાએ ઓળખાણ આપતાં જણાવ્યું કે અમે તો એક જ શાળામાં એક જ ક્લાસમાં સાથે હતાં.

બીજે દિવસે દાદાની તબિયત વધુ લથડતા ડૉક્ટર આશિષે ઉષાને બોલાવી.' કોઈ વાત છે કે તારા દાદાને કે જે અંદરોઅંદર ચિંતા સતાવ્યા કરે છે. એક વાત કહું દિકરી તને? એમની ઈચ્છાને માન આપીને તું લગ્નની હા પાડી દે. તારા દાદાએ કાલે બધી વાત કરી મને. એમની અંતિમ ઈચ્છાને તું માન નહીં આપે બેટા?' હવે તો તું પણ જીવનના મધ્યાંતરે આવીને ઊભી છે બેટા, પણ તારા દાદા માટે તો આ અંતિમ પડાવ છે. સાંભળતા જ ઉષાનો અશ્રુબંધ છલકાઈ ગયો. ના છુટકે એણે લગ્નની હા પાડી.
એ જ હોસ્પિટલમાં એક ડૉક્ટર મનોમન ઉષાને ચાહતો હતો એની જ રાહમાં આજે ઊંમર થઈ ગઈ હોવા છતાં પણ કુંવારો હતો. ડૉક્ટર આશિષના કહેવાથી બંને સાદાઈથી લગ્નગ્રંથિથી જોડાયા અને હોસ્પિટલમાં દાદાનાં આશીર્વાદ લેવા આવ્યા. બંનેને હાર પહેરેલાં જોઈને દાદાએ ખૂબ આનંદ વ્યક્ત કર્યો. દાદાએ પેલા ડોક્ટર આશિષની સામે આંખ મિચકારી. આશિષે પણ દાદાનાં હાથમાં હાથ પરોવીને ખૂશી વ્યક્ત કરી. 'બેટા, શું કરું?લગ્ન માટે તને મનાવવાનો મારી પાસે બીજો કોઈ રસ્તો જ ન હતો, અને એમાં મને મારા મિત્ર ડૉક્ટર આશિષનો સાથ મળ્યો.'
હું અને મયૂર તમારી સાથે જ રહેવાનાં છીએ. એજ શરતે મેં મયૂર સાથે લગ્ન કર્યા છે, અને મારા આ નિર્ણયમાં મયૂર મને પૂરેપૂરો સાથ આપશે. આવુ સાંભળીને દાદાએ મૂક સંમતિ આપીને આશીર્વાદ આપ્યા. આમ, જીવનના મધ્યાંતરે પહોંચેલી પોતાની પૌત્રીના લગ્ન થયેલા જોઈને દાદાને પોતાનો અંતિમ પડાવ સુખમય લાગ્યો.
oooooo ગ્રીષ્મા પંડ્યા oooo

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય:-"મધ્યાંતર"
શિર્ષક :-"હવે મધ્યાંતર ચાહું છું"
પ્રકાર:-પદ્ય. શબ્દો:- ૯૫

મોહમાયાનો દિવાનો બન્યો છું હું,
છોડવા માંગુ છું પણ છૂટતી નથી,
દિન પ્રતિદિન ડૂબતો જાઉં છું હું,
હવે જીવનમાં મધ્યાંતર ચાહું છું.

ધન પ્રાપ્તી માટે દોડી રહ્યો છું હું,
ભૂખ ધનની મારી મટતી જ નથી,
થાકી ગયો છું દોડ ધામ કરીને હું,
હવે જીવનમાં મધ્યાંતર ચાહું છું.

સુખથી જીવવા ઈચ્છી રહ્યો છું હું,
વિચાર અમલમાં મુકી શકતો નથી,
પ્રભુનું સ્મરણ કરવા ઈચ્છુ છું હું,
હવે જીવનમાં મધ્યાંતર ચાહું છું.

મનની શાંતિ માટે મથી રહ્યો છું હું,
મન મારૂં શાંત કદી થઈ શકતું નથી,
પ્રભુ તારા શરણે આવ્યો છે "મુરલી",
હવે જીવનમાં નિવૃત થવા ચાહું છું.

-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.167***
વિષય:-"મધ્યાન્તર"★
★શિર્ષક;-"આસ મનમાં મધ્યાન્તરની"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ;;૧૧૦:★
સૂરજને ઉગ્યા પછી, સંધ્યાને મળવાની ખબર હતી,
આમ આકાશે ધૂમતા રહેવાની, રોજની સફર હતી.
મેઘાડમ્બર છાયો આકાશે, ઝબુક ઝબુક વીજ ઝબુકે,
ભીંજાઈ અવની વરસાદમાં, બસ ઝરણની કસર હતી.
અફાટ રણમાં, ઝાડ,પાન કે લીલોતરી ક્યાંથી જ મળે,
હરણને ખબર છે, મૃગજળ છે, ને પાણીની તરસ હતી.
દવા, દવાખાનું, ડોક્ટરની, વારંવારની મુલાકાતો હતી,
છતાં કોણ જાણે કોઈને, સ્વાસ્થ્યની ક્યાં કદર હતી.
માણસ વિકસ્યો, ને પોતાના નિયમોને ધરાર ઘડી બેઠો,
કુદરતે રંગ બદલ્યો, ને માણસને આખરી અરજ હતી.
રંગો બદલાતા રહ્યાં, જિંદગી અને પ્રકૃતિ તણાં સર્વત્ર ભલે,
સૌને ખબર છે, એટલે એક આસ મનમાં મધ્યાન્તરની હતી.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS No : 2o5**
વિષય ? .. મધ્યાંતર
શિર્ષક .. મધ્ય દરિયા ની નાવ
પ્રકાર ..પધ શબ્દ ..૧૫૦

મારે નથી જવું ઉપર કે નથી જવું નીચે
પણ મધયસથા ને રહેવા ની પણ એક મજા શે

મારે નથી બનવું રોડ પતિ કે નથી બનવું કરોડ પતિ
મધ્ય વર્ગ નું જીવન જીવવા ની પણ એક મજા શે
અરે મને ખબર શે કે મધ્ય સ્થાન માં ઊગેલા સુરજ નો તાપ વધારે લાગે શે
પણ તે તાપ સહન કરવા ની પણ એક મજા શે
સંસાર રૂપી રણ માં ભુલા પડેલા એક માનવી ને જીવન જીવવા નો એક સાચો રસ્તો દેખાડવા ની પણ એક મજા છે
અરે મધ્ય દરિયે ડુબી ગયા હોય જેની નાવ તેનો બેડો પાર કરાવવા ની પણ આ પથીક ને એક મજા શે

કવિ શ્રી પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153** વિષય:" " મધ્યાંતર"
શીર્ષક:" જીવન માં પ્રેમ:શરુઆત, મધ્યાંતર ને અંત
શબ્દો:૧૪૧. પ્રકાર: પદ્ય
જીવન ની શરુઆત નાં પ્રવાસ માં સહવાસ હોય તો તેની પણ મઝાં છે
પ્રવાસ નાં મધ્યાંતરે સુવાસ હોય તેની પણ મઝાં છે,
રોજ રોજ નાં બકવાસ ની વાસ ન હોય તો તેની પણ મઝાં છે,
જીવન માં પ્રેમ નો શરુઆત,મધ્યાંતરે અને અંત સુધી વણકથ્યો અહેસાસ થાય તો તેની પણ મઝાં છે,
સામે વાળાં ને જે જોઈએ છે તે આપણે આપીએ તો તેની પણ મઝાં છે,
આપણે શું જોઈએ છે તે સામે વાળાંને કિધાં વગર ખબર પડે તો તેની પણ મઝાં છે.
આપણે કો'ક ની મુશ્કુરાહટ નું કારણ બનીએ તો તેની પણ મઝાં છે,
આપણે કો'ક નાં મૌન નું કારણ ન બનીએ તો તેની પણ મઝાં છે,
જીવન માં આપણે કો'ક નો અજવાસ બનીએ અને અંધકાર ન બનીએ તો તેની પણ મઝાં છે.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO. 0059**
શબ્દ: મધ્યાંતર
પ્રકાર હાઈકુ- ૫

પ્રારંભ સારો ?
ને મધ્યાંતર સારો ?
અંત સારો જ !

જો મધ્યાંતર ?
હતો,નક્કી આરંભ,
તો પ્યારે અંત !

જો બચપણ
તો પ્યારે યુવાની, ને
બૂઢાપો પણ !

ગઈકાલ છે ?
તો પ્યારે આજ, પછી
આવતીકાલ !

જો શરૂઆત ?
તો મધ્યાંતર, પછી,
અંત જરૂર !

શ્ર?જયકાન્ત ઘેલાણી
★પ્યારે★

# રૂપિયો વધુ ગબડી રૂા. ૮૫.૧૩ના નવા તળિયે



મુંબઇ કરન્સી બજારમાં આજં રૂપિયા સામે ડોલરના ભાવ ફરી ઉછળતાં રૂપિયામાં નવું નીચું તળીયું દેખાયું હતું. શેર બજારમાં ફરી તેજી આવવા છતાં રૂપિયો નબળો પડતાં બજારના જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂા. ૮૫.૦૩ વાળા આજે સવારે રૂા. ૮૪.૯૯ ખુલી નીચામાં ભાવ રૂા. ૮૪.૯૭ થયા પછી ભાવ ઉછળી ઉંચામાં રૂા. ૮૫પ૧૩ની નવી ટોચ બતાવી છેલ્લે બંધ ભાવ રૂા. ૮૫.૧૨ રહ્યા હતા.

બંધ ભાવના સંદર્ભમાં પણ રૂપિયાના ભાવમાં આજે નવું તળીયું નોંધાયું હતું. જ્યારે ડોલરના ભાવમાં તેજીનો નવો રેકોર્ડ સર્જાયો હતો. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૧૦૭.૬૨થી ઝડપી વધી ઉંચામાં ૧૦૮.૧૭ થઇ ૧૦૮.૧૪ રહ્યાના સમાચાર મળ્યા હતા. આ પૂર્વે ડોલર ઈન્ડેક્સમાં છેલ્લા બાવન સપ્તાહની ટોચ ૧૦૮.૨૨ની નોંધાઇ હતી.

ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧.૯૮ અબજ ડોલર ઘટી છ મહિનાના તળીયે ૬૫૨.૮૭ અબજ ડોલર નોંધાતા તેની અસર પણ આજે કરન્સી બજારમાં રૂપિયા પર નેગેટીવ દેખાઇ હતી. વિશ્વ બજારના સમાચાર મુજબ ડોલર સામે બ્રાઝીલની કરન્સી તૂટી જતાં તાજેતરમાં બ્રાઝીલની સરકારે પોતાની કરન્સીને બચાવવા ૧૭ અબજ ડોલરનું વેચાણ કરતાં ત્યાંનું ફોરેક્સ રિઝર્વ નોંધપાત્ર ઘટયાના નિર્દેશો મળ્યા હતા.

અમેરિકામાં ફુગાવાનો વૃદ્ધી દર તાજેતરમાં અપેક્ષાથી ઓછો આવતાં ત્યાં હવે વ્યાજ દરમાં ઘટાડાની શક્યતા ફરી વધ્યાના વાવડ મળ્યા હતા. દરમિયાન, કોમેડિટી ફ્યુચર્સ ટ્રેડિંગ કમિશનના વૈશ્વિક સૂત્રોના જણાવ્યા મુજબ વૈશ્વિક ડોલર ઈન્ડેક્સમાં તેજીવાળાએ પોઝીશન વધારી છે.

મુંબઇ બજારમાં રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૭૭ પૈસા વધી રૂા. ૧૦૭.૦૭ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોનાભાવ રૂપિયા સામે ૩૮ પૈસા વધી રૂા. ૮૮.૬૫ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે ૦.૧૮ ટકા ઉંચકાઇ હતી ડોલર સામે ચીનની ઓફ્ફ શોર ભાવ આજે ઘટી ૭.૨૦ રહ્યા હતા. ડોલર- રૂપીના ફોરવર્ડ પ્રિમિયમો આજે વધ્યા હતા. દરમિયાન, દિલ્હીથી મળેલા સમાચાર મુજબ સરકારે આયાતકારો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર વધારી રૂા. ૮૫.૯૫ નક્કી કર્યા છે તથા આ નવા દર ૨૦મી ડિસેમ્બરથી અમલમાં આવ્યા છે. આના પગલે દેશમાં આયાત થતી વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જવાની શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા.

# ગાંધીનગરમાં દારૂની રેલમછેલ રોકવા ખાસ પ્રોહીબીશન ડ્રાઇવ કરાશે, નાકાબંધી કરીને સઘન વાહનચેકીંગની કાર્યવાહી હાથ ધરાશે



થર્ટી ફર્સ્ટની ઉજવણી હવે નજીક છે. આ દરમિયાન પાર્ટી કરવા માટે દારૂની હેરફેર પણ વધી જતી હોય છે. થર્ટી ફર્સ્ટમાં દારૂ તેમજ નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી, વેચાણ તેમજ સેવન રોકવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટીએ ખાસ એક્શન પ્લાન તરતો મૂક્યો છે. જે અન્વયે આજથી ૩૧મી ડિસેમ્બર સુધી સમગ્ર જિલ્લામાં ખાસ પ્રોહીબીશન ડ્રાઈવ યોજી દેશી વિદેશી દારૂની હેરાફેરી, વેચાણ તેમજ દારૂના નશામાં છાંકટા બનીને ફરતા ઈસમોને પકડી પાડવા અસરકારક કામગીરી કરવાના આદેશો આપી દેવામાં આવ્યાં છે.થર્ટી ફસ્ટની ઉજવણીમાં દારૂની હેરાફેરી અને દારૂ પાર્ટીને રોકવા ગાંધીનગર પોલીસ એક્શનમાં આવી ગઈ છે. થર્ટી ફસ્ટ પર ગુજરાતમાં દારૂ ઘૂસાડવા માટે સરહદોનો વધુ ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેથી અત્યારથી જ રાજસ્થાન સહિતના રાજયોને જોડતી ગુજરાતની સરહદો પર તપાસ કરવામાં આવી રહી છે. તેમ છતાં તાજેતરમાં શામળાજી બોર્ડર ક્રોસ કરીને અધધ વિદેશી દારૂનો જથ્થો ભરેલ કન્ટેનર ગાંધીનગર હદ સુધી આવી પહોંચ્યું હતું. જો કે, સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દારૂની હેરાફેરી અને દારૂ કટિંગનાં નેટવર્કનો પર્દાફાશ કરી અંદાજીત એક કરોડ જેટલો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો હતો. ત્યારે લોકો શાંતિપૂર્ણ માહોલમાં નવા વર્ષની ઉજવણી કરી શકે તેના માટે પોલીસ એક્શનમાં આવી ગઈ છે. જે અન્વયે પાટનગરમાં દારૂની રેલમછેલ રોકવા આજથી જ ખાસ પ્રોહી ડ્રાઈવ શરૂ કરી દેવાઈ છે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને જવાનોને નાકાબંધી - પેટ્રોલિંગ કરીને દેશી વિદેશી દારૂની પ્રવૃતિઓ ઉપર ધોંશ બોલાવી દેવા એક્ટિવ કરી દેવાયા છે. દેશી વિદેશી દારૂની હેરફેર, વેચાણ અને છાકટા બનીને ફરતા યુવાનોને પકડવા માટે પોલીસ દ્વારા ૩૧ મી ડિસેમ્બર સુધી પ્રોહીબિશન ડ્રાઈવ ચલાવવામાં આવશે. જિલ્લામાં નાકાબંધી કરીને સઘન વાહનચેકીંગ કરી વિદેશી દારૂની હેરાફેરી ઉપર પણ પોલીસને વોચ રાખવાની સૂચના આપી દેવાઈ છે.જે અન્વયે જિલ્લામાં નાકાબંધી કરીને સઘન વાહનચેકીંગ પણ કરવા તેમજ ખાસ કરીને જિલ્લામાં આવેલા ફાર્મહાઉસોમાં ગુપ્ત રીતે યોજાતી પાર્ટીઓના આયોજનો ઉપર પણ બાજ નજર રાખવા સૂચના આપવામાં આવી છે. તદુપરાંત થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમ્યાન બ્રેથ એનેલાઈઝરથી ચેકીંગ કરીને નબીરાઓને ઝડપી પાડવા અને ખાસ કરીને નોનવેજની હાટડીઓ ઉપર પણ ચેકિંગ કરવા તાકીદ કરવામાં આવી છે.

# પાટણ જિલ્લાના ખેડૂતો માટે કમોસમી વરસાદને પગલે માર્ગદર્શિકા જાહેર કરાઈ

હવામાન વિભાગની આગાહીને અનુલક્ષીને આગામી તારીખ ૨૭/૧૨/૨૦૨૪ થી ૨૮/૧૨/૨૦૨૪ ના રોજ પાટણ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આવા સમયે પાટણ જિલ્લાના તમામ ખેડુતોને તકેદારી રાખવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોએ ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલા પાક જો ખુલ્લા હોય તો તેને તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા તેને પ્લાસ્ટિક,તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને આ ઢગલાની ફરતે માટીનો પાળો બનાવીને વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું જોઈએ.

જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. તેમજ એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત સ્થળો પર રાખવા જોઈએ. તેમજ ત્યાં વેચાણઅર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી જોઈએ.

# પાટણ જિલ્લામાં ચણા-જીરૂ-ઘઉં સહિતના પાકોનું મબલખ વાવેતર:જિલ્લામાં ૨,૩૧,૪૨૧હેક્ટરમાં શિયાળુ પાકનું વાવેતર



પાટણ જિલ્લામાં ચાલુ શિયાળુ રવિ વાવેતરમાં પિયત ઘઉં, ચણા, રાઈ અને જીરું જેવા પાકોનું મબલખ વાવેતર થવા પામ્યું છે. પાટણ જિલ્લા ખેતીવાડી કચેરીના આંકડા મુજબ પાટણ જિલ્લામાં કુલ ૨,૩૧,૪૨૧હેક્ટર વિસ્તારમાં રવિ વાવેતર થયેલ છે. પાટણ જિલ્લામાં અત્યારે શિયાળુ રવિ પાકના વાવેતરમાં સૌથી વધુ ૫૯૩૦૧ હેકટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયેલ છે જયારે ૩૫૧૯૦ હેકટરમાં પિયત ઘઉં, ૪૧૯૫૫ હેકટરમાં જીરું તેમજ ૨૪૬૯૧ હેકટર વિસ્તારમાં રાઈનું વાવેતર થયેલ છે.

પાટણ જિલ્લામાં રવિ સિઝનમાં મુખ્યત્વે ઘઉં, જીરું, ચણા, રાઈ જેવા પાકોનું વાવેતર થતું હોય છે. એમાં પણ ખાસ કરીને જિલ્લાના સમી અને શંખેશ્વર વિસ્તારમાં ચણા અને સમી, રાધનપુર, સાંતલપુર વિસ્તારમાં જીરુંનું વાવેતર મોટાપાયે થતું રહ્યું છે. જિલ્લામાં શિયાળુ પાક વાવેતર વિસ્તારની દ્રષ્ટિએ જોતા જિલ્લાના સરસ્વતી તાલુકામાં ૬૦૦૦ હેક્ટર વિસ્તારમાં પિયત ઘઉં નું વાવેતર થયેલ છે જ્યારે રાધનપુર પંથકમાં ૪૯૬૫ હેક્ટર અને પાટણ પંથકમાં. ૪૦૧૪ હેક્ટરમાં ઘઉં વાવેતર થયેલ છે.જિલ્લાના સાંતલપુર તાલુકામાં ૨૭૨૪૦ હેક્ટર માં જીરુ વવાયું છે. તે ઉપરાંત રાધનપુર પંથકમાં પણ ૮૨૮૫ હેક્ટરમાં જીરાનું વાવેતર થયેલ છે. ચણાની વાત કરવામાં આવે તો જિલ્લાના સમી તાલુકા પંથકમાં ૩૩૪૦૦ હેક્ટરમાં અને શંખેશ્વર વિસ્તારમાં ૨૧૦૨૦ હેક્ટરમાં ચણાનું વાવેતર કરવામાં આવેલ છે. રાઈના વાવેતર ની વાત કરવામાં આવે તો જિલ્લામાં સરસ્વતી તાલુકા વિસ્તારમાં. ૬૫૦૦ હેક્ટર અને પાટણ તાલુકા વિસ્તારમાં ૪૨૯૧ હેક્ટર વિસ્તારમાં રાઈ નું વાવેતર કરવામાં આવેલ છે.

# સિદ્ધેશ્વરી માતાજીનો નવચંડી યજ્ઞ યોજાયો:ઊંઝા શહેરમાં બ્રાહ્મણ વાડી ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યા




ઊંઝા શહેરમાં આવેલ શ્રી ઊંઝા ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિ સંસ્થા દ્વારા બ્રાહ્મણવાડી ખાતે શ્રી સિદ્ધેશ્વરી માતાજીનો નવચંડી યજ્ઞ યોજાયો હતો. જેમાં દર્શનાથે શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા.

ઊંઝા શહેરમાં આવેલ બ્રાહ્મણવાડી સંકુલ ખાતે શ્રી ઊંઝા ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિ સંસ્થા દ્વારા આજે બ્રાહ્મણવાડીમાં કૂવાના થાળા ઉપર બિરાજમાન શ્રી સિદ્ધેશ્વરી માતાજીની પૂજા અર્ચના થાય અને ભક્તિભાવ વધે તે માટે આજે માગશર વદ આઠમ ના દિવસે નવચંડી યજ્ઞ યોજાયો હતો. જેમાં નવચંડી યજ્ઞ યજમાન આચાર્યે દવે ચિરાગભાઈ રહ્યા હતા.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન

# શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...



## ૨૫મી ડિસેમ્બર

## સુશાસન દિવસ

ગુડ ગવર્નન્સ ડે

### સુશાસનને મળશે નવો આયામ

- 'મારી યોજના' પોર્ટલનું લોકાર્પણ
- 'સ્વાગત ૨.૦' અને 'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ
- વિજ્ઞાન અને તકનિકી વિભાગના પ્રકલ્પોનું લોકાર્પણ
- શ્રમ અને રોજગાર વિભાગના નવા સેવા કાર્યોનું લોકાર્પણ
- i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ

સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

**ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.